Sandesh (Gujarati), Ahmedabad, September 8, 2019

Gist

**Dr Verghese Kurien is still alive in hearts of 36 lakh animal breeders of state**

A young man after studying dairy engineering in Kerala, South India, had arrived in Anand, the home town of Sardar Vallabhbhai Patel. He faced difficulty in finding a house to stay in his initial days. Thus, he had begun residing in a garage.

At that time, the dairy industry was solely ruled by Parsi-owned Polson Dairy. Dr Kurien was shaken after seeing the exploitation of small and unorganised animal breeders. The man who laid the foundation of Amul and spent his lifetime nourishing it is the Father of White Revolution, Dr Verghese Kurien. Amul Dairy is a world-renowned brand today.

But in order to keep the memories of this great man alive forever, neither the central nor the state government has implemented any scheme in his name till today. The new generation must remember this persona. The Amul brand today has a turnover of 45,000 crores and 36 lakhs farmers are dependent on it for their livelihood. If Tribhuvandas Patel had not assigned this major responsibility to Dr. Kurien, the milk revolution in India would have never taken place. The dairy farmers do feel that the past and current leaders have not given the deserving tribute to Dr Kurien.

Dr Kurien did not just restrict himself to the establishment of Amul Dairy. He went on to establish the National Dairy Development Board, IRMA like institutes of international repute to further develop the milk city of Anand. The district also got a name in the field of agriculture after an agriculture university was established here following the dairy industry success.

SANDESH SUNDAY, 8•09•2019 AHMEDABAD

### શ્વેતક્રાંતિના પિતામહ ડૉ. વર્ગીસ કુરિયનની આજે ૭મી પુણ્યતિથિ : શહેરના રાજમાર્ગો પર કુરિયનની પ્રતિમા મૂકવાનું પણ ભુલાયું

# ડૉ. વર્ગીસ કુરિયન આજે પણ રાજ્યના ૩૬ લાખ પશુપાલકોના હૃદયમાં જીવંત

**ઉપેક્ષા** મહામાનવની સ્મૃતિઓને સદાકાળ જીવંત રાખવા માટે કેન્દ્ર, રાજ્ય સરકાર કે એકપણ ડેરીસંઘોએ તેઓના નામે આજદિન સુધી એકપણ યોજના અમલી બનાવી નથી

। વલ્લભવિદ્યાનગર । (સં.ન્યૂ.સ.)

દક્ષિણ ભારતના કેરળનો ડેરી એન્જીનીયરીંગનો અભ્યાસ કરીને આવેલા યુવાને સરદાર પટેલના હોમટાઉન આણંદમાં પ્રથમ પગરણ માંડ્યા હતા. શરૂઆતના તબક્કામાં તેઓને શહેરમાં રહેવા માટે કોઈ ઘર આપવા તૈયાર નહોતું. જેથી નાછુટકે તેઓએ ગેરેજમાં વસવાટ શરૂ કર્યો હતો. ત્યારે આણંદમાં ડેરીઉદ્યોગમાં પારસી માલિકીની પોલ્સન ડેરીનું એકહથ્થુ શાસન પ્રવર્તતુ હતું.નાના અને અસંગઠિત પશુપાલકોનુ ભરપુર શોષણ થતું જોઈને યુવક દ્રવી ઉઠ્યો. માત્ર પશુપાલન વ્યવસાય ઉપર નિર્ભર રહેતા ગ્રામ્યજનો માટે કાંઈક કરી છુટવાની ભાવના સાથે ભારતદેશમાં નાના-નાના પશુપાલકોને એકબીજાની સાથે સહકારની ભાવનાથી એકસૂત્રે બાંધી નાના પાયે શરૂ કરેલી અમૂલ ડેરી આજે વિશાળ વટવૃક્ષ બનીને વિશ્વના ફલક ઉપર વિસ્તરી છે. ત્યારે અમૂલની સ્થાપનાના પાયાથી માંડીને જીવનપર્યંત જીવતર ખર્ચી નાંખનાર યુવક એટલે



શ્વેતક્રાન્તિના જનક ડૉ.વર્ગીસ કુરિયન. પરંતુ મહામાનવની સ્મૃત્તિઓને સદાકાળ જીવંત રાખવા માટે કેન્દ્ર, રાજ્ય સરકાર કે એકપણ ડેરીસંઘોએ તેઓના નામે આજદિન સુધી એકપણ યોજના અમલી બનાવી નથી. અને શહેરના રાજમાર્ગો ઉપર નવી પેઢીને અવગત કરવા અને તેઓના કાર્યો સદાય માનસપટ ઉપર જીવંત રહે તે માટે તેઓની પ્રતિમાં મુકવાનું સૌજન્ય પણ કહેવાતા નેતાઓ દાખવીશક્યા નહોવાની લાગણી પશુપાલકો અનુભવી રહ્યા છે.

વૈશ્વિક બ્રાન્ડ આજે કરોડોના ટર્ન ઓવરે પહોંચતા રાજ્યના ૩૬ લાખ પશુપાલકોનું જીવનનિર્વાહ દુધ ઉત્પાદન વ્યવસાય ઉપર નિર્ભય બન્યુ છે. જો ત્રીભોવનદાસ પટેલે ડો. કુરીયનને ડેરીની જવાબદારી સોપી ન હોતતો આજે પરીસ્થિતી વિપરીત હોત તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. સમૃધ્ધ અને મિની એનઆરઆઈ પ્રદેશ તરીકે ઓળખાતા ચરોતર પ્રદેશમાં મિલ્ક ક્રાંન્તિ દ્વારા ખેડુત, પશુપાલકોના જીવન સ્તરમાં સુધારો આવ્યો છે. ગ્રામીણ કક્ષાની સહકારની ભાવના સાથે નાના પાયે દુધ ઉત્પાદક મંડળીથી શરુ કરેલુ નેટવર્ક વૈશ્વિક અમુલ બ્રાન્ડ બની ૪૫ હજાર કરોડના વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી ડેરી પેદાશોની સૌથી મોટી બ્રાન્ડ તરીકે ઉભરી રહી છે. ત્યારે રાષ્ટ્રિય ફલક ઉપર

અનુસંધાન **પાના નં.3** ઉપર

## માત્ર શ્રદ્ધાંજલિ અર્પી સંતોષ મનાય છે

લાખ્ખો પશુપાલકોના ઉધ્ધારક ડો. વર્ગીસ કરિયને ડેરી ક્ષેત્રે ખર્ચેલા યોગદાનને માત્ર તેઓના જન્મ અને મૃત્યુતિથિએ શ્રધ્ધાંજલિ અર્પિને જ સંતોષ માનવામાં આવે છે. પરંતુ નક્કર તેઓની યાદગીરી હર હંમેશા જીવંત રહે તે દિશામાં કોઇ જ અસર કારક પગલાં લેવામાં આવતા નથી કે તેઓના નામે યોજનાના અમલીકરણ માટે ઉપેક્ષા કરવામાં આવી રહી છે.

## ડો. કુરિયનને કારણે રાષ્ટ્રિય કક્ષાની સંસ્થાઓ

શ્વેતક્રાન્તિના જનક ડૉ.કુરિયને માત્ર અમૂલ ડેરીની સ્થાપનાથી સંતોષ ન માન્યો. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, ઇન્ડિયન-રૂરલ મેનેજમેન્ટ-ઇરમા જેવી આંતરરાષ્ટ્રિય સંસ્થાઓને મુખ્ય મથક આણંદમાં સ્થાપિત કરીને મિલ્કસિટીને વૈશ્વિક ઓળખ આપવામા અહં ભૂમિકા અદા કરી છે. ડેરીઉદ્યોગને પગલે આણંદમાં કૃષિ યુનિવર્સિટી કાર્યરત થતાં કૃષિ-પશુપાલન ક્ષેત્રે પણ જિલ્લાએ નામના મેળવી છે.

## ડૉ વર્ગીસ

સહકારી ક્ષેત્રનો પાયો નાંખવામાં મહત્વની ભૂમિકા, ડેરી ઉદ્યોગના ભીષ્મ પિતામહ ડૉ. વર્ગીસ કુરિયને આણંદ શહેરને કર્મભૂમિ બનાવી શ્વેતક્રાન્તિ તરીકે શહેરને આગવી ઓળખ અપાવી છે. તેઓની સ્મૃત્તિ સદાય દૂધઉત્પાદકો અને ડેરી વ્યવસાય સાથે જીવંતપણે જોડાઈ રહે તે ઉદ્દેશ્યથી દૂધ ઉત્પાદકોના હિતલક્ષી યોજના શરૂ કરી ડૉ. કુરિયનના નામ સાથે સાંકળીને ત્વરિત અમલવારી કરાય તો ડેરીઉદ્યોગના ઈતિહાસને કંડારનાર પથદર્શકને આવનારી પેઢીના માનસપટ્ટ ઉપર સદૈવ જીવંત રાખી શકાય તો તેઓને સાચી શ્રદ્ધાંજલી આપી ગણાશે. તેવી પ્રબળ લાગણી પશુપાલકોમાં પ્રવર્તી છે. ત્યારે ૯ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ તેઓની ચિરવિદાયે ડેરીઉદ્યોગના આકાશ માંથી ધ્રુવતારક ખરી પડતા પશુપાલકોના જીવનહૃદયમાં અનોખુ સ્થાન પ્રાપ્ત કરનાર અને દેશમા વ્હાઈટ રીવોલ્યુશનના પ્રણેતાની ગુમાવવાનો અફસોસ આજે પણ તેઓના હૃદયમાં ધબકતો રહ્યો છે.